# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 59 ❖ Issue : 11 ❖ Pages : 44 ❖ June 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા

સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત

## ઝાલાવાડી સમાજના મુઠી ઉંચેરા માનવીને નતમસ્તકે વંદના

## ૧૮ મી પુણ્યતિથિ

ખેરવાના ખેંગારને
સાયનના શૂરવીરને
ઝાલાવાડના ખમીરને
સમગ્ર ઝાલાવાડી
સમાજના
લાખ લાખ વંદન



શું યાદ કરીએ?
આપની નિખાલસતા?
આપની ઉદારતા?
આપનો વિનયભર્યો વહેવાર?
આપની વ્યવહાર દક્ષતા?
કે પછી
આપના વદન પર
સદાયે ફરકતુ સ્મીત?

સમાજરત્ન

## શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ (ખેરવા - સાયન)

વસમી વિદાય : તા.૧૭-૦૬-૨૦૦૬

અમારી - સમગ્ર ઝાલાવાડી સમાજની - આપની વિદાયની ૧૮મી પુણ્યતિથિ પ્રસંગે ભાવભરી - કદીયે ન ભૂલાય તેવી શ્રધ્ધાંજલી



- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ
- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન – મુંબઈ
- પરા ઉપનગરના મંડળો – મહિલા મંડળો – યુવા મંડળો



- ઝાલાવાડ બિઝનેસ ફોરમ
- ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**નાં કરકમળોએ
# સંઘ પ્રમુખ **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ** નું ''ઝાલાવાડ રત્ન'' એવોર્ડથી સન્માન



ઝાલાવાડ સમાજનાં ઉત્કર્ષ અર્થે શાલીભદ્રની પેઢીનાં ઉદ્‌ઘાટન અવસરે, **ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ** મુંબઈ આયોજીત તારીખ ૨૬ મે ૨૦૨૪નાં જુહુ વિલેપારલા સ્થિત ''જલારામ હોલ'' ખાતે એક સુંદર, અનોખો અને આગવો સમારંભ સમો સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાંજનાં ૫ કલાકે શરૂ થયેલ આ કાર્યક્રમમાં સાંજનાં ૬:૩૦ કલાક સુધીમાં ચૌવિહાર ભોજન વ્યવસ્થા પૂર્ણ થયા બાદ થાનગઢનાં લોક સાહિત્યકાર શ્રી કિશોરદાન ગઢવી અને સાથી કલાકારોની તળપદી ભાષાની આગવી શૈલી ભર્યા સુંદર લોકગીતો સૌએ માણ્યા હતાં.

સમાજનાં શ્રેષ્ઠીઓ અને મહાનુભાવો, અન્ય સંસ્થાઓનાં પદાધિકારીઓ - ટ્રસ્ટીશ્રીઓ અને શ્રેષ્ઠીવર્ય દાનવીરોની વિશેષ ઉપસ્થિતિએ, ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝાલાવાડ લેડિઝ ગ્રુપ, શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ, જૈન સોશ્યલ ગ્રુપ જુહુ બીચ સેન્ટર, સંગીની ફોરમ જુહુ બીચ સંસ્થાઓનાં પરિવારજનો અને આ સંસ્થાઓ સાથે સંકળાયેલા મુંબઈ ઝાલાવાડ સ્થાનકવાસી સમાજનાં અગ્રગણ્ય - સમાજ મેન્ટર **શ્રી સી. વી. શાહ (પેરેડાઈઝ)**નાં પ્રેરણાસ્ત્રોતે તેમજ **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**નાં આર્શીવાદ સાથે તેઓનાં કરકમલોએ આપણા સંઘના પ્રમુખ **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**ને તેઓની સમાજ પ્રત્યેની માનવતાવાદી, પરોપકારી સેવાઓ, પ્રવૃતિઓ - કાર્યોમાં વર્ષોનાં અસાધારણ સહયોગ - યોગદાનને બિરદાવતા **''ઝાલાવાડ રત્ન''** એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા. શ્રી દિલીપભાઈ શાહ આપણા સંઘનાં પ્રમુખ છે, આથી આપણા સંઘનું સન્માન હોય તેમ આ સન્માનની ક્ષણો આપણા ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-મુંબઈ માટે ગૌરવવંતી બની હતી.

આ સાથે જૈન સમાજનાં પ્રતિષ્ઠિત મહાનુભાવો, વ્યક્તિ વિશેષ પ્રતિભાઓમાં જિતો ચેરમેન **શ્રી પૃથ્વીરાજજી કોઠારી**, દુબઈ સ્થિત બિઝનેસમેન **શ્રી રમેશભાઈ વોરા**, ખૂબ જ મોટી સંખ્યામાં હાર્ટનાં ઓપરેશન કરનાર હાર્ટ સ્પેશ્યાલીસ્ટ પદ્મવિભૂષણ **ડો. શ્રી અશ્વિનભાઈ મહેતા**, ઉધોગપતિ, સી.એ. **શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા** સર્વેનાં સમાજ પ્રત્યેનાં વિશિષ્ઠ પ્રદાનને બિરદાવતા **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**નાં વરદ હસ્તે એવોર્ડ અર્પણ કરી તેઓને સન્માનીત કરવામાં આવેલ. તેમજ આપણા સંઘનાં પી.આર.ઓ. **શ્રી દિપકભાઈ ગાંધી**ની સેવાઓને બિરદાવતા એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ. તેમજ સમાજમાં ઘણા વર્ષોથી અનેકવિધ સેવાઓ આપતા નામાંકીત પ્રતિભાશાળીઓની ઉદ્દાત ભાવનાઓ - કાર્યોની કદરરૂપે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી સભાનાં **શ્રી ચંદ્રકાન્ત વી. શાહ** એક આગવા વ્યક્તિત્વની ઓળખરૂપ **સી. વી. શાહ પેરેડાઈઝ**થી સમાજમાં પરિચિત છે. તેઓ એક ઉદ્યોગપતિ તેમજ એક સમાજીક કાર્યકર્તા તરીકે સમાજ સેવક રૂપે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ - કાર્યો કરે છે. ઝાલાવાડનાં દરેક જૈન ફિરકાઓને એક તાંતણે બાંધી એકજુટ રાખીને ઝાલાવાડ જૈન સમાજને સંગઠીત અને વિકસીત બનાવવાની તેઓની નેમ રહી છે. **''ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ''** અને **''જૈન સોશ્યલ ગ્રુપ જુહુ બીચ સેન્ટર''**માં તેઓની અગ્રીમ ભૂમિકા સાથેનાં ઉલ્લેખનીય કાર્યો રહયાં છે.

આ સંસ્થાઓ દ્વારા **''ભુખ્યાને ભોજન''** યોજના અંતર્ગત દર શનિવારે અંધેરી ખાતે લગભગ ૪૦૦ વ્યક્તિઓને ભોજન કરાવવામાં આવે છે. આ યોજનાને કાયમી ધોરણે કાર્યવન્ત બનાવવાની અપીલમાં આ કાર્યક્રમમાં ઉમદા રકમોનાં વચનો આપી પધારેલ મહાનુભાવોએ ઝોળી છલકાવીને યોજનાને પરિપૂર્ણ કરી હતી. આ ઉપરાંત બીજી અન્ય યોજનાઓમાં ઉદારદિલ દાતાશ્રીઓએ ખૂબ જ સારી રકમ ( અંદાજીત ત્રણ કરોડથી વધારે)નું અનુદાન આપીને આ યોજનાની પ્રવૃતિઓ - કાર્યોને જીવંત રાખવા સાથે તેને વેગવંતા બનાવેલ છે.

આ કાર્યક્રમમાં શ્રી દિલીપભાઈ કે. શાહ, શ્રી પૃથ્વીરાજજી કોઠારી, શ્રી રમેશભાઈ બી. વોરા, પદ્મવિભૂષણ ડો. શ્રી અશ્વિનભાઈ મહેતા, શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા, શ્રી પંકજભાઈ સંઘવી, શ્રી પરાગભાઈ શાહ (ઘાટકોપર), શ્રી અતુલભાઈ શાહ (જૈન સોશ્યલ ગ્રુપ), શ્રી અશોકભાઈ જસવાણી, શ્રી મહેન્દ્રભાઈ અજમેરા, શ્રી અરવિંદભાઈ કે. શાહ, શ્રી જીતુભાઈ કોઠારી (જેજેસી), શ્રી અનીલભાઈ શાહ, શ્રી મુકેશભાઈ ચશ્માવાળા, ડો. રમીલાબેન ધીરૂભાઈ દોશી, શ્રીમતી ભાવીનીબેન અમીતભાઈ મહેતા, શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી કિરણભાઈ કે. શાહ, શ્રી કેતનભાઈ એ. શાહ, શ્રી અનીલભાઈ વી. ટોળીયા, શ્રી કિશોરભાઈ એમ શેઠ, શ્રી આનંદ જે.પી.દેસાઈ, શ્રી મિતેષ એસ. શાહ વગેરેની ઉપસ્થિતિ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ સમાન રહી હતી.

આ કાર્યક્રમની ભવ્ય સફળતા એટલે **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**નાં આર્શીવાદ સાથે મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ તેમજ પાંચ અગ્રીમ સંસ્થાઓનાં સહયોગ સાથે આ સંસ્થાઓનાં પરિવારજનો - માનવંતા શ્રેષ્ઠીશ્રીઓની ઉપસ્થિતિથી સાથે **સી. વી. શાહ (પેરેડાઈઝ)**ની દિર્ઘ દ્રષ્ટિ સમા મેનેજમેન્ટથી કાર્યક્રમ દિપી ઉઠયો હતો.

આ પ્રસંગોચિત્ત **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**નાં શબ્દભાવો હતા કે મારા કોઈ કાર્યક્રમ કે પ્રવચનમાં એવોર્ડ આપવામાં આવતા નથી. આજે આ મહાનુભાવોની જૈન સમાજમાં વિભિન્ન ક્ષેત્રે સેવાઓ માટે એવોર્ડથી નવાજવામાં આવેલ છે. આપણે સૌ જૈન છીએ, પછી ભલે દેરાવાસી, સ્થાનકવાસી, દિગંબર, તેરાપંથી કે શ્રી કાનજી સ્વામી આપણે પ્રભુ શ્રી મહાવીરસ્વામીને માનતા હોય તેમજ શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરતા હોય બધા જ જૈન છીએ. **''ઝાલાવાડી જૈન''**નાં હેતુ સાથે **''ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ''**ની લગભગ બાર વર્ષ પહેલા સ્થાપના થયેલ હતી. આ સંસ્થાની પ્રવૃતિઓ - કાર્યો ખૂબ જ સુંદર અને સારી રીતે ચાલી રહયાં છે. ઝાલાવાડી જૈનોની એકતાનાં શુભ આશય સાથેથી શરૂ કરેલ આ સંસ્થાની પ્રવૃતિઓ - કાર્યો વિશાળ ફલક ઉપર લઈ જઈને સૌને જોડાવવા સાથે એકતાથી કાર્ય કરવાની ઉચ્ચત્તમ ભાવના જોવા મળે છે.

**અહેવાલ :** મુકેશ યુ. શાહ (9869040150) **આલેખન :** ઉપેન્દ્ર આર. શાહ (9869361411)



## કેળવણીના કાર્યમાં મૌનપણે યોગદાન આપનાર સહયોગી...



શ્રી વસંતલાલ મણીલાલ શાહ (નારીચાણીયા)



શ્રીમતી ઈન્દુમતીબેન વસંતલાલ શાહ (નારીચાણીયા)

રાણપુર નિવાસી હાલ બોરીવલી રહેતા શ્રી ઉમેશભાઈ વસંતલાલ શાહ (નારીચાણીયા) છેલ્લા ઘણાં વર્ષોથી શ્રીમતી ઈન્દુમતી વસંતલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે અનેકવિધ કાર્યો કરી રહેલ છે. પોતાના માતપિતાની યાદગીરીરૂપે - તેઓની પુણ્યસ્મૃતિમાં આ ટ્રસ્ટનું નિર્માણ કરેલ છે. સમાજના જરૂરિયાતવાળા પરિવારોના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે સહાયભૂત થવાની તેઓની ભાવનાને - તેઓના કાર્યોને બિરદાવીએ છીએ.

છેલ્લા લગભગ પંદર વર્ષથી આપણે જે વિદ્યાર્થીઓને કેળવણી સહાય આપીએ છીએ તે દરેક પરિવારને શ્રી  ઉમેશભાઈ વસંતલાલ શાહ તરફથી ૨૦૦ પાનાની - સારી ક્વોલીટીની એક ડઝન લોંગ બુક વિનામૂલ્યે આપવામાં આવે છે. ક્યારેય તેઓએ પ્રસિદ્ધિનો મોહ રાખ્યો નથી. પરંતુ આઠ-દસ વર્ષ પછી અમોને વિચાર આવ્યો કે આવા પરિવારના યોગદાનને બિરદાવવુ જોઈએ. શ્રી ઉમેશભાઈ રાણપુર નારીચાણીયા મંડળના સભ્યોને પણ તેમના સંતાનો માટે વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરે છે.

ધન્ય છે એ માતપિતાને કે જેઓની વિદાય બાદ તેમના સંતાન આવી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી સમાજની સેવા કરી રહ્યા છે. આ ઉપરાંત શ્રી ઉમેશભાઈ દર વરસે માતપિતાની યાદમાં જૈન પંચાંગ છપાવી સૌને પહોંચાડે છે. આવા પરિવારના શ્રી ઉમેશભાઈ વસંતલાલ શાહ તથા તેમના ધર્મપત્નીને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. તેઓના કાર્યની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.



## સ્વ.શ્રીમતી શીલાબેન જતીનભાઈ પટવા

### સુરેન્દ્રનગર નિવાસી - હાલ મલાડ, મુંબઈ

માતુશ્રી પુષ્પાબેન નગીનદાસ પ્રેમચંદ સંઘવી છેલ્લા ૬૦ વર્ષથી મુંબઈ મલાડ ખાતે સ્થાઈ થયેલ છે. સુપુત્ર શ્રી અતુલભાઈ સંઘવીની શૈક્ષણિક કારકિર્દી ૧૨ ધોરણ પાસ કરીને એકજ લક્ષ મહેનત - ખંત - ધીરજ અને પ્રમાણિકતાથી આર્થિક પ્રગતિ કરવી એવા ધ્યેય સાથે સ્ટોક ટ્રેડીંગ અને ઈન્વેસ્ટમેન્ટના ધંધાની શરૂઆત કરેલ અને છેલ્લા થોડા વર્ષોમાં સારી નામના પ્રાપ્ત કરી છે. માત-પિતાના સંસ્કાર, પોતાનું સાહસ, બુદ્ધિ અને સહૃદયતાના સુમેળ સાથે માનવબંધુઓને મદદરૂપ થવાનો સંતોષ એજ એમનું કાર્ય રહ્યું. આજે શ્રી અતુલભાઈ એક એક સોપાન ચડતા જીવનના ઉચ્ચ શિખરે પહોંચ્યા. આર્થિક ઉન્નતિ થતાં થોડા સમય પહેલા ઝાલાવાડ ફાઉન્ડેશન અને અંધેરી મંડળમાં માતબર રકમનું દાન આપી સમાજસેવા ક્ષેત્રે લાભ લઈ પુણ્યનું ભાથું બાંધેલ છે.

માતુશ્રી પુષ્પાબેન નગીનદાસ સંઘવીના સુપુત્રી તે લીંબડી નિવાસી હાલ કાંદીવલી સ્વ. શ્રીમતી શીલાબેન જતીનભાઈ ચંદુલાલ પટવાના પુત્રવધૂ ૧૦ વર્ષ પહેલા કેંસરથી અરિહંત શરણ થયા તેમના સ્મરણાર્થે શ્રી ઝાલાવાડ જૈન મૂ.પૂ. ફાઉન્ડેશનમાં **‘કેંસર યોજના’** માં તેમના ભાઈ શ્રી અતુલભાઈએ માતબર રકમનું દાન આપીને લાભ લઈ પરિવારનું નામ રોશન કરેલ છે. શ્રી અતુલભાઈ લક્ષ્મીનો સદુપયોગ સુકૃત અને સેવાના ક્ષેત્રે કરતા રહે તે શ્રી સંઘ અને સમાજની અપેક્ષા છે. સાથે ભૂરી - ભૂરી અનુમોદના કરે છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ



રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટસ,
સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ
રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩



**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**



છૂટક મુલ્ય રૂા.૩/-



Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**


# તંત્રી સ્થાનેથી....

ઝાલાવાડ સમાજની શ્રી સંઘ - ફાઉન્ડેશન - ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ અને ઝેડ.બી.એફ આ દરેક સંસ્થાઓના કાર્યક્રમો, વિવિધ યોજનાઓ અને પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. શ્રી સંઘ અને ફાઉન્ડેશનનાં સંચાલકોની મીટીંગો યોજી સમાજ ઉપયોગી કાર્યને સમયસર પૂર્ણ કરવા પ્રયત્નો કરી રહ્યા છે. દરેક સંસ્થાના સંચાલકો, હોદ્દેદારો ઉમદો રસ લઈ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને આગળ ધપાવી રહ્યા છે.

સંકલન - સંવાદિતાના સુમેળનો શ્રેષ્ઠ ઉદાહરણ છે. સમાજ ઉપયોગી દરેક પ્રવૃત્તિઓ સમયસર પૂર્ણ થાય તો સંસ્થાનું અને સંચાલકોનું સહારો કહેવાશે. સમાજના પરિવારોની જરૂરિયાતો, સહાય અને મદદરૂપ થવાના કાર્યોને વેગ મળ્યો છે. સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ શાહની દેખરેખ અને ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ સતત પ્રયત્નશીલ રહી વિવિધ યોજનાઓમાં શ્રી દિલીપભાઈ શાહનું માર્ગદર્શન અને દોરવણી હેઠળ દરેક હોદ્દેદારો કાર્યો કરી સમાજમાં નામ ઉચ્ચ સ્થાને લઈ ગયા છે. કોઈપણ કાર્યની પાછળ ટીમવર્ક અને સંકલન હોય તો જ સફળતા મળે છે. દરેક સંસ્થાના પદાધિકારીઓને હાર્દિક અભિનંદન

આ અંકમાં શ્રી સંઘ પ્રમુખ દિલીપભાઈ કે. શાહને સ્થા. જૈન સમાજ, જૈન સોશ્યલ ગ્રુપ અને અન્ય સંસ્થાઓના કાર્યક્રમમાં રાષ્ટ્ર સંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના કરકમળો દ્વારા 'ઝાલાવાડ રત્ન' એવોર્ડ આપી સન્માનિત કર્યા.

આ કાર્યક્રમમાં દેરાવાસી અને સ્થાનકવાસી સમાજના એક હજારથી પણ વધારે માનવંતા મહેમાનો પધારેલ હતા. તેમજ જૈન સમાજની ત્રણ પ્રતિષ્ઠિત અને અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ સર્વશ્રી દિનેશભાઈ વોરા, શ્રી મહેન્દ્રભાઈ તુરખિયા અને શ્રી ડૉ. અશ્વિનભાઈ મહેતાને ઘણા વર્ષોની સમાજસેવાની કદર રૂપે ઝાલાવાડ રત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આપણા ઝાલાવાડી સમાજ માટે આ બાબત ઘણી જ ગૌરવ લેવા જેવી છે.

## શું વાંચશો? આ અંકમાં...


★ શ્રી દિલીપભાઈને ઝાલાવાડ રત્ન એવોર્ડ ફોટા - અહેવાલ ★ નુતન ઓફીસ ફોટો - અહેવાલ ★ કેળવણી સહાય યોજના વિશે ★ સગપણ સેતુ લગ્નોત્સુક યુવક-યુવતી વોટસએપ ગ્રુપ વિશે ★ શ્રી સંઘ વાર્ષિક અહેવાલ - ૨૦૨૪ ★ પરામંડળ - મહિલા મંડળ - યુવા મંડળ સમાચાર ★ સંઘ ચૈત્રમાસ ઓળી પ્રભાવના યાદી ★ સંઘ સાધર્મિક - કેળવણી વિશે ★ ફાઉન્ડેશન લેપટોપ યોજના - ફોર્મ ★ ઝેડ.બી.એફ. તલાશ કાર્યક્રમ વિશે ★ નોટબુક દાતા વિશે ★ જૈન બોર્ડીંગ ફેડરેશન વિશે ★ શ્રી વર્ધમાન માનવ સેવા ટ્રસ્ટ યાત્રા વિશેષ વિશે

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ

### અમૂલ્ય લ્હાવો.... અપૂર્વ અવસર.... સુંદર તક....

## 'કેળવણી સહાય' યોજનાના મુખ્યદાતા તરીકેનો લાભ લેવાનો

જૈન સમાજમાં પરિવારોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા માટે દરેક મા-બાપ તનતોડ મહેનત કરે, આર્થિક આવક ઓછા હોય, ખર્ચામાં કાપ મુકી, લોન લઈ, દેવું કરીને પણ અચુક ભણાવશે. હાલના સમયમાં શિક્ષણ વગરના સંતાનોની કોઈ કિંમત જ નથી. આ બધી બાબતો આપણે જાણીએ છીએ, સમજીએ છીએ, અનુભવીએ છીએ.

છેલ્લા થોડા વરસોમાં તેમાં પણ કોરોના પછી સ્કૂલ શિક્ષણ ખુબજ મોંઘુ થયેલ છે. સાધારણ પરિવાર માટે આવક મર્યાદિત, બાંધી આવક, કાળઝાળ મોંઘવારીમાં ઘરખર્ચ કાઢવાના, તેમાં પણ ભાડાના ઘરમાં હોય તો વધારે તકલીફ, બાળકોને ભણાવવાનું અતિ દુષ્કર અને પરિવારના મુખ્ય સભ્યને માનસિક ચિંતાનો વિષય છે.

આપણા સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદભાઈ શાહ અનેક જાહેર કાર્યક્રમો, મિટીંગોમાં અપીલ કરતા જણાવેલ છે કે આપણે જો આપણા ઝાલાવાડી સમાજને સુશિક્ષિત – સબળ – સક્ષમ – સ્વનિર્ભર – સ્વાવલંબી બનાવવો હશે તો શૈક્ષણિક ક્ષેત્રે કાંઈક વિશેષ કરવું પડશે. સમાજના સાધારણ પરિવાર ઓછી આવકમાં કે આજના મોંઘા શિક્ષણમાં સંતાનોને ન ભણાવે તો સમાજ માટે સારૂ ન કહેવાય. **શિક્ષણનાં ક્ષેત્રે દાન આપવું એટલે પૈસાનું વાવેતર કરવા સમાન છે.**

આપણા શ્રી સંઘ હાલમાં ધો.૧ થી ૧૦ સુધી ભણતા વિદ્યાર્થીઓને કેળવણી સહાય કરી જરૂરિયાતમંદ પરિવારોની ભક્તિ કરીએ છીએ. તે અપૂર્તિ લાગે છે. સંઘની વ્યાજની આવકના ધોરણે આપણે વિશેષ કાંઈ કરી શકતા નથી. વ્યાજના દર ઘટી ગયા, શિક્ષણ મોંઘુ થવાથી સહાય અરજીઓ વધારે આવતી હોય તો શ્રી સંઘ વિશેષ કરી શકતા નથી. દર વર્ષે અંદાજે ૧૫૦ થી ૧૬૦ પરિવારોની અરજીઓ આવે છે. ધો.૧ થી ૧૦માં ભણતા અંદાજે ૨૦૦ બાળકોને શૈક્ષણિક સહાય કરીએ છીએ.

**હવે આગળ શું ???**

આપણા સંઘ સંચાલકોએ વિચારણા કરી એક યોજના લઈને આપને આંગણે આવ્યો છે. જે પરિવાર આ યોજનામાં રૂ.૫૧ લાખ આપી જોડાશે, તે પરિવારનું નામ 'કેળવણી સહાય યોજના'ના મુખ્યદાતા તરીકે કાયમી ધોરણે જોડાયેલુ રહેશે તેમજ કેળવણી સહાયના અરજી પત્રક (ફોર્મ), ઝાલાવાડ પત્રિકાના વાર્ષિક અહેવાલમાં અને જ્યાં કેળવણી સહાય વિશે પત્રિકામાં લખવામાં આવશે ત્યાં મુખ્યદાતાનું નામ જોડાયેલું રહેશે.

ઉપરોક્ત યોજના તા.૧૫ જુલાઈ સુધી કોઈ લાભાર્થી નહીં મળે તો એક વર્ષના રૂા. પાંચ લાખ દર વર્ષે દસ વર્ષ સુધી આપી કેળવણી સહાય યોજનાનાં 'આધાર સ્થંભ'નો લાભ લઈ આ કેળવણી યોજનાના માધ્યમથી સાધારણ પરિવારોને શૈક્ષણિક સહાય વિશેષ આપી શકાશે. આ આધારસ્થંભ યોજનામાં લાભ લેનારની રકમ એ જ વર્ષમાં ફી સહાય માટે આવેલ અરજીઓને ફાળવી દેવામાં આવશે.

**બસ એકજ ભાવના છે.**

આપણા મુંબઈ સ્થિત ઝાલાવાડી સમાજના પરિવારનું એક પણ સંતાન શિક્ષણથી, કેળવણીથી વંચિત ન રહેવું જોઈએ. આપણે એક સબળ – સશક્ત – સમૃધ્ધ – સ્વાવલંબી – સ્વાભિમાની ઝાલાવાડી સમાજનું નિર્માણ કરવું છે. સમાજનાં બધાજ સાધારણ પરિવારના બાળકો શિક્ષણ મેળવશે તો જ તેની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ અને તેજસ્વી બનશે જેથી તે પરિવાર આર્થિક સંકડામણથી બહાર આવશે. પરિવાર પગભર થઈ અને સમૃધ્ધ બનશે. અને તે પરિવાર આર્થિક તકલીફોમાંથી બહાર આવશે.

ઉપરોક્ત બાબતમાં જે પરિવારને લાભ લેવાની ભાવના હોય તેઓએ શ્રી દિલીપભાઈ શાહ – ૯૮૨૦૦૮૮૮૯૬, શ્રી અરવિંદભાઈ શાહ – ૭૦૨૧૬૧૨૭૨૯, શ્રી મુકેશભાઈ શાહ – ૯૮૬૯૦૪૦૧૫૦નો સંપર્ક કરશો.



## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
❖❖❖ સંચાલિત ❖❖❖

# ઝાલાવાડ સગપણ સેતુ

## ઓનલાઈન લગ્નોત્સુક યુવક-યુવતી વોટસએપ બાયોડેટા

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૨ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિઃસ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લે વર્ષોમાં સૌની પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખરાકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત કરી રહ્યા છીએ. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ નવુ સાહસ કરવું જ જોઈએ. તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. ઝાલાવાડી સમાજ ધીરે ધીરે શ્રી સંઘના આ પ્રયાસની સાથે કદમથી કદમ મિલાવી ચાલશે. એની સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છીએ. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત પાડેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ શ્રી સંઘ પરિચય માટે ઝાલાવાડ સગપણ સેતુ અષાઢી બીજ ને રવીવાર તા.૭-૭-૨૦૨૪ થી મંગલ શુભારંભ કરી રહ્યા છીએ. જો નોંધાયેલ ઉમેદવારો વોટસઅપ થી જોઈ શકશે.

### શરતો / નિયમો

(૧) શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘના આજીવન સભ્ય મુંબઈમાં રહેતા પરિવારો પૂરતુ મર્યાદિત છે.

(૨) નોંધણી (રજીસ્ટ્રેશન) પહેલા શ્રી ઝાલાવાડ સંઘના ઓળખપત્ર (શ્રીસંઘ ''આઈ કાર્ડ'') મોકલવાનું રહેશે.

(૩) વોટસઅપ થી બાયોડેટા મોકલવાના / જોવા મળશે.

(૪) (રજીસ્ટ્રેશન નોંધણી ફી રૂ.૨૦૦/- છ માસ માટે મોકલવાના રહેશે. ત્યારબાદ રિન્યુ કરાવવાનું રહેશે.

(૫) કુવારા અને સગપણ મુકેલ યુવક-યુવતીની નોંધણી કરવામાં આવશે. ઉમર મર્યાદા ૩૫ વર્ષ સુધી

(૬) નવા બાયોડેટા દર શનીવારે અપડેટ કરવામાં / મુકવામાં આવશે.

(૭) ફોટો વગરના પ્રોફાઈલ/બાયોડેટા સ્વીકારવામાં આવશે નહીં.

(૮) સગપણ થઈ જાય પછી તુરંત સંઘના મો.નં. પર જણાવવાનું રહેશે.

(૯) ઉમેદવાર જે બાયોડેટા મોકલશે તેજ મુકવામાં આવશે.

(૧૦) ગ્રેજ્યુએટ, અંડર ગ્રેજ્યુએટ, પ્રોફેશનલ - મંગળ - શની અને વિદેશ જવા ઈચ્છતા હશે તે નોંધાવી શકશે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ
## વાર્ષિક અહેવાલ - વર્ષ ૨૦૨૩-૨૪

સુજ્ઞ સભાસદ ભાઈઓ,

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શ્રી સંઘ દ્વારા સભ્યો તથા સમાજ માટે થયેલ કાર્યોનો આછેરો ખ્યાલ આપવા સાથે આપ સૌની સમક્ષ આ અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ગત વર્ષમાં મુરબ્બી / ટ્રસ્ટીશ્રીઓના આદરણીય એવા યુવા અને અનુભવી પ્રમુખશ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના માર્ગદર્શનમાં આ વર્ષ દરમ્યાન સમાજ ઉપયોગી સુંદર કાર્યો થઈ રહેલ છે.

શ્રી સંઘ આજે પ્રગતિ કરી રહ્યો છે શ્રી સંઘના દરેક કાર્યોની સફળતામાં સમાજના અગ્રગણ્ય, શ્રેષ્ઠી દાતાઓને આભારી છે તેમજ પરા ઉપનગરનાં મંડળો, મહિલા મંડળો તથા યુવા મંડળોનો ઘણોજ અગત્યનો ફાળો રહ્યો છે. આપણો ઝાલાવાડી સમાજ જૈન સમાજમાં આગવું સ્થાણ ધરાવે છે.

### શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ રામપુરા ભંકોડા હાલ અંધેરી – મુંબઈ કાયમી કેળવણી સહાય યોજના (વિદ્યાર્થી સન્માન)

શ્રી સંઘના ઉદ્દેશ મુજબ શ્રી સંઘ દર વર્ષે કેળવણી ક્ષેત્રે વધુને વધુ રકમની સહાય માટે ફાળવણી કરે છે. શ્રી સંઘ ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય કરે છે. આજની વધતી મોંઘવારી ના સમયમાં બાળકોને ભણાવવા માટે, છેલ્લા થોડા વર્ષોમાં સ્કુલની શીક્ષણ ફી મા વધારો થયેલ છે. જેથી કુટુંબો માટે આર્થીક રીતે વિકટ પશ્ન બની રહ્યો છે.

આ વર્ષે ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા કુલ ૫૯ વિદ્યાર્થીઓને ફી પેટે રૂા. ૪,૪૨,૦૦૦/- સહાય રૂપે આપવામાં આવેલ છે. ધોરણ ૧ થી ૫ ના ૧૭ વિધ્યાર્થીને રૂા.૫૦૦૦/- લેખે રૂા.૮૫,૦૦૦/- તથા ધોરણ ૬ થી ૮ ના ૨૪ વિધ્યાર્થીને રૂા.૭૦૦૦/- લેખે રૂા.૧,૬૮,૦૦૦/ - અને ધોરણ ૯ થી ૧૦ ના ૨૧ વિધ્યાર્થીને રૂા.૯૦૦૦/- લેખે રૂા.૧,૮૯,૦૦૦/-પ્રમાણે આપેલ છે.

**કેળવણી કમીટીના કન્વીનર શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ** તથા તેમની સમગ્ર કમીટીનો સુંદર સેવા આપવા બદલ આભાર માને છે.

### શ્રી સંઘ તરફથી સમાજના પરિવારોને નવુ નઝરાણુ... શ્રી સંઘની માલિકીની ઓફિસ(કાર્યાલય)

આપણા શ્રી સંઘની સ્થાપના સંવંત ૧૯૬૮ (ઇ.સ. ૧૯૧૨)માં થઇ. આપણો શ્રી સંઘ આજે ૧૧૨ વર્ષનો થયેલ છે.ભવ્ય, ભાતીગળ અને ઉજ્જવળ ઈતિહાસ ધરાવતા આપણા શ્રી સંઘને તેના પૂર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ તેમની આગવી સૂઝબૂઝથી પ્રબળ નેતૃત્તવ પુરૂ પાડી આ ભવ્ય ઇમારતનું ચણતર કરેલ છે જેના મીઠા ફળ આજના દિવસે આપણે સૌ માણી રહ્યા છીએ. આ સૌના પ્રબળ નેતૃત્વ તથા દાતા પરિવારોના સમયાનુસાર અમૂલ્ય સાથ - સહકારથી આપણે અનેક વિધ ક્ષેત્રે પ્રગતિ શક્યા છીએ.

વિતેલા વર્ષો તરફ નજર કરતાં આપણે જોઇ શકીશું કે (૧) શ્રી સંઘની કાલબાદેવી ઓફીસ (૨) દામોદર વાડી (૩) પાલિતાણા યાત્રિક ભવન (૪) યાત્રિક ભવન ખાતે જિનાલય, વગેરે અનેક ભવ્ય નઝરાણુ આપણે સભ્ય પરિવાર સમક્ષ મૂકેલ છે.

છેલ્લા ઘણાં સમયથી આપણા શ્રી સંઘની સભ્ય સંખ્યા દિન - પ્રતિદિન વધી રહી છે. આ સૌ સભ્ય પરિવારને વધુ સારી રીતે તથા સક્ષમ રીતે શ્રી સંઘ તરફથી સેવાઓ જરૂરના સમયે ઉપલબ્ધ થઇ રહે એ હેતુથી છેલ્લા દોઢ - બે વર્ષથી શ્રી સંઘના વર્તમાન ટ્રસ્ટીઓ, પદાધિકારી ગણ માલિકી ધોરણની જગ્યા ઓફીસ (કાર્યાલય) લેવી તે પ્રમાણે આયોજન કરેલ. આ રીતની ઓફીસ લેવા પાછળનો મુખ્ય ધ્યેય એ છે કે સભ્યો પરિવારોને અનુકુળ તથા સુગમતા રહે તથા ભવિષ્યમાં પણ વધનાર સભ્ય સંખ્યાને આપણે સુવ્યવસ્થિત રીતે સેવાઓ આપી શકીએ.

આપ સૌના સાથ સહકારથી આપણે શ્રી સંઘની ઓફિસ માટે પોતાની માલિકીની જગ્યા લેવાનો નિર્ણય કરવામાં આવેલ આ ઓફિસ અંધેરી (ઇસ્ટ) ખાતે રેલ્વે સ્ટેશન સામે - મેટ્રો રેલ્વે સ્ટેશનની બાજુમાં નવા બધાતા બીલ્ડીંગમાં ૮મે માળે, ન્યુ ઈંડીયા હાઇટસ્, ઓલ્ડ પોલિસ લેન, તેલી ગલ્લી,અંધેરી (ઇસ્ટ)માં નોંધાવવામાં આવેલ છે જેનો કબજો આપણને આ વર્ષ દરમ્યાન મળ્યો અને તે બાદ તેને અધતન સુવિધાઓથી નવાજી આ ઓફિસ ૪૩૦ સ્કે ફીટ કાપેટ એરિયાની છે તથા કાર પાર્કિંગની સગવડ પણ આપણને સાથે મળેલ છે. આ નવા બીલ્ડીંગનું બાંધકામ જે બીલ્ડર દ્વારા થયેલ છે તે આપણા સંઘના ઘણા સભ્યોને પરિચિત છે વિશેષ બાબત એ છે કે સાથે ઝાલાવાડ ફાઉન્ડેશન અને ઝાલાવાડ ગ્લોબલ ચેરિટેબલ ટ્રસ્ટની ઓફિસ ત્યાંજ કાર્યરત થશે.

આ નવી ઓફિસની કિંમત, સ્ટેમ્પ ડયુટી, ફર્નિચર વગેરે મળીને અંદાજીત રૂા.૧,૫૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ પચાસ લાખ) આસપાસ થયેલ છે જે માટે ઉદારતાથી રકમ દાતાઓ તરફથી મળેલ છે. તે માટે દરેક દાતાશ્રીઓનો શ્રી સંઘ આભાર માને છે આ દાતાશ્રીઓના નામની તકતી આ ઓફિસની અંદર લાગાવેલ છે તદઉપરાંત આ દાતાઓનો એક લકી ડ્રો જેમાં બધા દાતાઓની હાજરીમાં કરવામાં આવેલ હતો અને તે લકી ડ્રોના વિજેતાના નામની તકતી ઓફિસના મુખ્યદ્વાર પર લગાડવામાં આવશે.

### માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દિપચંદ શાહ લીંબડી હાલ વાલકેશ્વર તપસ્વી બહુમાન કાયમી પ્રેરકદાતા માતુશ્રી કમળાબેન જીવરાજ ધ્રુવ પરિવાર હ: રંજનબેન જીતેન્દ્રભાઈ ધ્રુવ સુરેન્દ્રનગર હાલ કાંદીવલી જમણવારના કાયમી પ્રેરકદાતા

આપણા શ્રી સંઘ તરફથી દર વર્ષની માફક આ વરસે પણ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન **દામોદરવાડી કાંદિવલી (પૂર્વ)** ખાતે **સંવત ૨૦૭૯ ના ભાદરવા વદ બીજ - રવિવાર તા.૦૧-૧૦-૨૦૨૩**ના દિવસે તપસ્વીઓ - દાતાઓ - વિદ્યાર્થીઓ તથા સમાજ અગ્રગણ્ય - આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. આ પ્રસંગે લગભગ **૫૫૦** ભાઈ-બહેનોની હાજરી રહી હતી. આ વર્ષે ગાયક - ભવ્ય શાહ તથા સંગીતકાર રૂષભ શાહે સંગીતના સથવારે સુંદર કાયક્રમ રજુ કરેલ હતો.

તપસ્વી બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે પધારેલા સર્વેનું હાર્દિક સ્વાગત કરી આવકાર આપેલ.

સંઘમંત્રી શ્રી મુકેશભાઈએ સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ દાતા પરિવારના સભ્યો શ્રી હર્ષદભાઈ, શ્રીમતી મૃદુલાબેન ધ્રુવ અને શ્રીમતી અરૂણાબેન વગેરેને સ્ટેજ ઉપર પધારી સ્થાન ગ્રહણ કરવાની વિનંતી કરેલ. સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ આવકાર આપી સમાજની વિવિધ યોજનાઓ વિષે વિગતવાર રૂપરેખા માહિતી આપેલ. દાતા પરિવારના સભ્યોનું શ્રીફળ હાર-શાલ અને કેસરના તિલક કરી પ્રમુખશ્રી દિલીપભાઈ શાહ, શ્રીમતી ભામીનીબેન તથા શ્રીમતી સરોજબેન, શ્રી મહેન્દ્રભાઈ શાહ દ્વારા દાતા પરિવારોનું ક્રમશઃ બહુમાન કરવામાં આવેલ હતું.

**સવંત ૨૦૭૯ તપસ્વી બહુમાનના સહાયક દાતા**

**૧) શ્રીમતી ચંદનબેન અરવીંદભાંઇ કાંતિલાલ શાહ (શ્રીમતી ડીમ્પલબેન કેતનભાઇ શાહના સિધ્ધીતપ અનુમોનાર્થે)**

**૨) શ્રીમતી અમીતાબેન કૌશિકભાઇ અમુલખભાઇ પરીખ**

**૩) શ્રીમતી સરોજબેન વસંતલાલ ભીખાલાલ શાહ**

**૪) શ્રીમતી સુશીલાબેન રસિકલાલ નાગરદાસ કોઠારી**

દરેક સહાયક દાતાઓનું તીલક, મોતીની માળાતથા શાલ પહેરાવીને બહુમાન કરવામાં આવેલ.

તપસ્વીરત્ન આરાધક શ્રીમતી જ્યોતિબેન ભુપેન્દ્રભાઇ બાવીશીનું બહુમાન શ્રીમતી જ્યોતિબેન ભરતભાઇ શાહ,શ્રીમતી મૃદુલાબેન ધ્રુવ તેમજ શ્રીમતી દિપ્તીબેન પારસભાઇ શાહ દ્વારા કરવામાં આવેલ.

૩૦ ઉપવાસના તપસ્વી શ્રી કિરીટભાઇ કુવાડીયાનું બહુમાન શ્રી હર્ષદભાઇ દિપચંદ શાહે કરેલ હતું. કુલ ૨૭૨ તપસ્વીઓએ નીચે મુજબની તપર્શ્વયા કરેલ હતી.

**તપશ્ચર્યા : સિધ્ધીતપ - ૬૪ તપસ્વીઓ**

**૩૦ ઉપવાસ - ૪ તપસ્વીઓ**

**૧૬ ઉપવાસ થી ૨૯ ઉપવાસ સુધીના - ૧૩ તપસ્વીઓ**

**૬ઉપવાસ થી ૧૫ઉપવાસ સુધીના - ૧૯૧ તપસ્વીઓ**

મંત્રી શ્રી મુકેશભાઈ શાહે શ્રી સંઘની - ફાઉન્ડેશન અને ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અપાતી વિવિધ સહાયની વિગતવાર જાણકારી આપેલ.

ત્યારબાદ ડીગ્રી મેળવેલ સી.એ. એન્જીનીયર, એમ.બી.એ., ડૉક્ટર અને ધો.૧૨ અને ધો.૧૦ ઉચ્ચ ગુણાંક દ્વારા ઉર્ત્તીણ થયેલ વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવી પારિતોષિક આપવામાં આવેલ.

આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી કિરીટભાઇ રતનશી શાહ, ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી મુકેશભાઈ શાહ તપસ્યા કમીટી કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે કરેલ. શ્રી સંઘના પદાધિકારીઓ સર્વે મંત્રીશ્રી ભરતભાઈ કુવાડીયા, સહમંત્રી શ્રી મીતેશભાઈ શાહ, ખજાનચી શ્રી ગિરીશભાઈ શાહ, સહ ખજાનચી શ્રી કેતનભાઈ શાહ,પી.આર.ઓ. શ્રી દિપકભાઇ જી. ગાંધી અને તપસ્યા કમીટી અને કારોબારી સર્વ સભ્યો એ સેવા આપેલ હતી.

દરેક તપસ્વીઓને શ્રી ઝાલાવાડ સંઘ તરફથી સાકરપુડો - છ ઉપવાસથી - પંદર ઉપવાસ સુધીનાને ચાંદીની ૫ ગ્રામ લગડી, ૧૬ ઉપવાસ શ્રી ૨૯ ઉપવાસ સુધીના તપસ્વીઓને ૧૦ ગ્રામ ચાંદીની લગડી, અને ૩૦ ઉપવાસ (માસક્ષમણ) અને તેથી વધારે ઉપવાસના તપસ્વીઓને ૨૦ ગ્રામ ચાંદીની લગડી આપી સાથે માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ (ઘડીયાળી) (વાલકેશ્વર) પરિવાર તરફથી શ્રીફળ તથા રૂા.૧ ની પ્રભાવના કરવામાં આવેલ. શ્રી કીરીટભાઈ વૃજલાલ બાબરીયા પરિવાર તરફથી દરેક તપસ્વી પ્રભાવના રૂા.૨૦/- અને વિદ્યાર્થીઓને રૂા.૨૫૦/-નું પારિતોષિક પ્રતિનિધિ સભ્ય શ્રી દિલીપભાઈ ટી. શાહે વિતરણ કરેલ હતું.

હાજર રહેલ તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન શ્રી પારસભાઇ શાહ, ટ્રસ્ટીશ્રી જયેન્દ્રભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી કમલેશભાઈ પારેખ તથા શ્રીમતી અરૂણાબેન ધ્રુવ,શ્રીમતી ભામીનીબેન અને શ્રીમતી દિપ્તીબેન દ્વારા કરવામાં આવેલ હતુ.

શ્રી સંઘ તરફથી દરેક વિદ્યાર્થીઓને બેગપેક અને કીચેઈન સાથે સ્ટીલની પાણીની (સ્કુલ કોલેજમાં) સુંદર ઉપયોગી બોટલ પારિતોષિક રૂપે આપવામાં આવેલ. સ્ટેજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રીતીભોજન માટે સર્વે દાતા તથા આમંત્રિત મહેમાનો પધારેલા. આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં દરેક સભ્યોનો આભાર.

કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ શાહે કાર્યક્રમ આયોજન અને જમણવાર વ્યવસ્થામાં શ્રી મુકેશભાઈ શાહ અને અન્ય પદાધિકારી અને તપસ્યા કમીટીના અને કારોબારી સભ્યોના યોગદાન અને સહકાર બદલ દરેકનો આભાર માનવામાં આવેલ.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂતિપૂજક સંઘ - મુંબઇ
સંવત ૨૦૭૯ના ભાદરવા વદ ૨ રવિવાર તા.૦૧-૧૦-૨૦૨૩
એસ.એસ.સી.,એચ.એસ.સી.,આય.સી.એસ.ઇ.,સી.બી.એસ.ઇ.,બી.કોમ.,અન્ય ડિગ્રી ,એન્જીનીરીંગ, સી.એ, બી.ઇ, એલ.એલ.બી, બી.એમ.એસ., એમ. કોમ, બી.ટેક, પી.એચ.ડી, એમ.બી.એ,
**કુલ વિધાર્થી પારીતોષીક -૬૫**

**પ્રેરક દાતા સાધર્મિક ભક્તિ યોજના**
**માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ**
**ખેરવા નિવાસી હાલ માટુંગા**
**માતુશ્રી ઈંદીરાબેન નરેશભાઈ હીરાલાલ શાહ**
**ચોટીલા નિવાસી હાલ ગોરેગાંવ**
**સહાયક દાતા સાધર્મિક ભક્તિ યોજના**

મુંબઈમાં વસતા સભ્ય પરિવારના સાધર્મિક પરિવારોને સાધર્મિકભક્તિ- એપ્રીલ ૨૦૨૩ માં ૧૦૫ પરિવારોની અરજીં તપાસ કરી, ચકાસણી કરતા પાસ કરેલ અરજીઓને માસિક ધોરણે ૧ પરિવારને રૂ. ૫૦૦/- મુજબ વાર્ષિક રૂા.૬૦૦૦/- ફાળવવાનું નક્કી કરેલ જેની કુલ રકમ રૂા. ૬,૩૦,૦૦૦/- સીધાજ દરેક પરિવારના બેંક ખાતામાં ત્રણ હપ્તાથી મોકલવામાં આવેલ. લગભગ ૧૬૦ પરિવારો ને દિવાળી પ્રસંગ નિમીત્તે અનાજની મીઠાઇ ફરશાણની કીટ આપવામાં આવેલ

ઉપરોક્ત અહેવાલ કાયમી **સાધર્મિક ભક્તિ યોજનાના કન્વીનર શ્રી રસીકભાઈ સુખલાલ શાહ** એ રજૂ કરેલ આ સાથે **પ્રમુખ શ્રી દીલીપભાઈ ખીમચંદ શાહ**, ઉપપ્રમુખશ્રી **મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ**, તથા **શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ** તથા, **કન્વીનરશ્રી રસીકભાઈ સુખલાલ શાહ** તથા સર્વ સાધર્મિક ભક્તિ વ્યવસ્થા કમીટીનો તન-મનથી મળેલ સાથ સહકાર બદલ ખુબ-ખુબ આભાર.

**સમુહ લગ્નના કાયમી પ્રેરકદાતાઓ**
**શ્રીમતી શાંતાબેન બુટાલાલ હુકમદચંદ શાહ પરિવાર**
**(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર)**
**શ્રીમતી સવિતાબેન ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર**
**(ખેરવા – જતના નિવાસી હાલ સાયન)**
**જમણવારના કાયમી પ્રેરકદાતાઓ**
**શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર**
**(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર)**
**તથા**
**શ્રીમતી મનહરબેન કીરીટભાઇ રતનશી શાહ પરિવાર**
**(ધોલેરા નિવાસી હાલ મુલુંડ)**
**સમુહલગ્નનાં સથવારે....**

આપણા શ્રી સંઘ તરફથી વર્ષ ૧૯૭૯ થી શરૂ કરેલ સમુહ લગ્નથી આજ સુધીમાં ૮૪ માં સમુહ લગ્નના માંડવેથી લગભગ **૪૨૨** નવયુગલોએ દામ્પત્ય જીવનની શરૂઆત કરેલ છે. હાલમાં હમણાં જ ૮૪ માં સમુહલગ્ન દરમ્યાન ખૂબ જ સુંદરતાથી ભવ્યાતિભવ્ય આયોજન સાથે લગ્નજીવન શરૂ કરનાર ત્રણ દંપતિઓનું બહુમાન કરવામાં આવેલ.

આપણા શ્રી સંઘે સમાજના પરિવારોના હિત માટે - સમુહ લગ્નનું આયોજન શરૂ કર્યું, ત્યારે મુંબઈ શહેરમાં આપણે એટલે કે શ્રી સંઘ દ્વારા એકલા જ આ પ્રવૃત્તિમાં સહભાગી થયેલ.

આપણા શ્રી સંઘ દ્વારા આયોજીત સમુહલગ્નની સફળતા માટે, શ્રેષ્ઠીવર્યોએ - તેમના આર્થિક યોગદાન થકી **સમુહલગ્નના કાયમી પ્રેરકદાતા શ્રીમતી શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર**, તેમજ જમણવારના કાયમી પ્રેરકદાતા **સ્વ. શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર**, તેમજ સમુહલગ્નના બીજા કાયમી પ્રેરકદાતા **શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર** અને જમણવારનાં કાયમી પ્રેરકદાતા **શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનશી શાહ પરિવાર** અને સર્વે દાતાશ્રી પરિવાર થકી આપણો જૈન સમાજ ઉજળો છે - જાગૃત છે અને પરિવર્તનશીલ તેમજ પ્રગતિશીલ છે.

આ સંપૂર્ણ આયોજનને સફળ બનાવવા, શ્રી સંઘના યુવાન - સ્વપ્નદૃષ્ટા - ઉમંગથી તરવરાટથી શોભતા પ્રમુખશ્રીનું માર્ગદર્શન, તેમજ ઉપપ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રીઓ, ખજાનચીશ્રી, સહખજાનચીશ્રી અને દરેકની સતત હાજરી - પ્રેરણા - કાર્યને નિષ્ઠાપૂર્વક પૂર્ણતાએ પહોંચાડવાની જવાબદારી આવડત તેમજ સર્વે ટ્રસ્ટીઓ અને કારોબારી કમીટીના સભ્યોના નિસ્વાર્થ પ્રેમ તેમજ હાસ્ય સભર મદદરૂપ થવાના ઈરાદાઓ - પ્રેરક બળ પુરૂ પાડતાં હોય છે.

સમુહલગ્ન કમીટી દ્વારા થતા વિવિધ કાર્યોની જવાબદારી અદા કરવા, જેમકે જમણવારની વ્યવસ્થા - આમંત્રીતો - મહેમાનોને બેસવાની વ્યવસ્થા, વરઘોડાની વ્યવસ્થા - સવારના ચા-નાસ્તાની વ્યવસ્થા, લગ્નમંડપથી લઈને જાન વિદાય સુધીની વ્યવસ્થા, કરિયાવરભેટની વસ્તુઓનાં ડિસપ્લે કાઉન્ટર વ્યવસ્થા તેમજ અન્ય નાની-મોટી અસંખ્ય જવાબદારીઓની વ્યવસ્થા સંભાળવા માટે બોરીવલી મંડળ, કાંદિવલી મંડળ તેમજ મલાડ મંડળના પ્રતિનિધિઓનાં સુંદર સાથ સહકાર થકી સમુહલગ્ન કમીટીનું કાર્ય નિર્વિઘ્ને સફળતાને ચાર ચાંદ લગાડવામાં મદદરૂપ થયેલ હતું.

આ મંગલમય શુભ પ્રસંગે - આપણા ઝાલાવાડ સમાજના વડીલો-શ્રેષ્ઠીઓ-સંઘના ટ્રસ્ટીઓ-હોદ્દેદારો વ્યવસ્થાપક કમીટીનાં સભ્યો - ઝાલાવાડ ફાઉન્ડેશનના પદાધિકારીઓ, ઉપનગરનાં મંડળો-મહિલા મંડળો અને યુવા મંડળોના પ્રતિનિધિઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

ઉદારદિલ દાતાશ્રીઓના ઉમદા અને અમુલ્ય યોગદાન થકી જ સમાજની અંદર સમાજને ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓ - જેનું એક અંગ સમુહ લગ્ન પ્રસંગ જેવા કાર્યો થઈ શકે છે.

સમુહલગ્નની સંપૂર્ણ સફળતા સમાજના વિવિધ મંડળોના ભાઈઓ / બહેનો તેમજ શ્રી સંઘના સર્વે પદાધિકારીઓ - જેમકે પ્રમુખશ્રી,ઉપપ્રમુખશ્રી,માનદ્મંત્રીશ્રીઓ, સહમંત્રીશ્રી - માનદ્ખજાનચીશ્રી તથા સહખજાનચીશ્રી તેમજ ટ્રસ્ટીગણ - તેમજ દરેક ઉદાર દિલ સખાવતીઓના આર્થિક યોગદાન - અનુભવનું યોગદાન - હાજરીનું યોગદાન - સેવાનું યોગદાન. આ સર્વે એક ટીમ થકી સમુહમાં રહી કરેલ નિર્ણયો આ આયોજન ખૂબ જ સફળતાને પામે છે તેમજ દીપિ ઉઠે છે.

કન્વીનર તરીકે મને સર્વે મહાનુભાવોનો સંપૂર્ણ સાથ-સહકાર-પ્રેમ ભર્યુ -સમજણ-સમજદારીભર્યું વર્તન તેમજ અખૂટ અને અમુલ્ય યોગદાન મળેલ છે, તે બદલ દરેક પ્રત્યે હું મારૂં ઋણ અદા કરી બે હાથ જોડી આભાર વ્યક્ત કરૂં છું. છતાં જો કાંઈ ક્ષતિ રહી ગઈ હોય - તો તે મારી જવાબદારી છે તે બદલ મીચ્છામી દુક્કડમ.

- શ્રી સંઘ પ્રમુખશ્રી નું પ્રોત્સાહન અને કઠિન કાર્યને જે - તે ન્યાય આપવાની છુટ.
- માનદ્ મંત્રીશ્રીઓના અનુભવો-વિચારો તેમજ હોલસેલ ભાવથી કરિયાવરની દરેક વસ્તુઓ - વિણી વિણીને લાવવી, તેમજ કેટરર્સ/ રસોયા મહારાજ સાથે રહી - ભોજનની વસ્તુઓનો બગાડ અટકાવવો - આ બધી કુનેહ તેઓએ સમુહમાં રહી કરેલ છે.
- પ્રસંગની સંપૂર્ણ જવાબદારીનું સંકલન તેમજ અમલ કરવો - તે સર્વે સમુહ લગ્ન કમીટીના કાર્યદક્ષ-સમજદાર-અનુભવી સભ્યો દ્વારા થયેલ.
- શ્રી સંઘની ઓફિસના સ્ટાફ મેમ્બર્સ તેમજ દામોદર વાડીના સર્વે કાર્યકર ભાઈઓ/સ્ટાફના સભ્યોના ઉમદા સહકારની નોંધ લેવી જ પડે.
- દરેક પરા મંડળો - મહિલા મંડળો - યુવા મંડળો તેમજ સમાજના ઉદારદિલ દાતા સખાવતીઓએ લગ્ન નિમિત્તે - નવદંપતીને કરિયાવરમાં આપેલ ભેટ-સોગાદો બદલ આભાર.
- ઝાલાવાડ જૈન દર્શન પત્રિકામાં અહેવાલ અને ફોટા સમયસર અને વ્યવસ્થિત રજુ કરવા માટે પત્રિકાના તંત્રીશ્રીની સરાહના.
- નાના / મોટા અન્ય કાર્યો માટે સાથ અને સહકાર તેમજ મદદરૂપ થવા બદલ નામી / અનામી કાર્યકરોનો આભાર.

ઉપરોક્ત અહેવાલ **સમૂહલગ્ન કમીટી કન્વીનર શ્રી વિપુલભાઈ પ્રાણલાલ બગડીયાએ** રજૂ કરેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ દામોદર વાડી

વર્ષ એપ્રિલ-૨૦૨૩ થી માર્ચ-૨૦૨૪ સુધીનો દામોદરવાડીનો વાર્ષિક અહેવાલ આપ સર્વે સમક્ષ રજુ કરીએ છીએ.

આપણા શ્રી સંઘની કમિટીએ સર્વાનુમત્તે નિર્ણય લીધા મુજબ રજવાડી કેટરર્સને કોન્ટ્રાકટ થી ચલાવવા માટે આપવામાં આવેલ છે તા.૦૧/૦૯/૨૦૨૩ થી

તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૮/૨૦૨૩ દરમ્યાન દામોદર વાડીનું સંચાલન શ્રી સંઘના હાથમાં હતુ.

આ ઉપરાંત આપણે દામોદરવાડીમાં ટેરેસ પર મોબાઈલ ટાવર માટે ભાડેથી જગ્યા આપેલ છે.

| | |
|---|---|
| જેમા વાડી આવક અંદાજીત | રૂા.૧૨,૯૫,૮૯૮/- |
| વાડી દુકાન ભાડુ | રૂા.૨,૪૫,૨૨૨/-તેમજ |
| વાડી મોબાઈલ ટાવર ભાડાના | રૂા.૬,૭૫,૦૦૦/- મળીને |
| કુલ વાડી આવક | રૂા.૨૨,૧૬,૧૨૦/- થાય છે. |

## સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પ્રેરિત ઝાલાવાડ જૈન દર્શન પત્રિકા

**ઝાલાવાડ જૈન દર્શન** આપણા શ્રી સંઘની આન બાન અને શાન છે. કોઈપણ સમાજનું મુખપત્ર આટલો લાંબો સમય નિયમિત રીતે પ્રકાશીત થતુ રહે તે સમાજને માટે ગૌરવ સમાન છે. આપણી પત્રિકાના ૪૭ વર્ષ પૂરા થાય છે સમાજમાં થતી દરેક પ્રવૃતીની જાણ દર મહિને એક એક પરિવાર સુધી પહોંચે છે. તેજ તો આપણી અનેરી સિધ્ધિ છે. દિવસે દિવસે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સમાજનાં મુંબઈમાં કાર્યરત મંડળો - યુવા મંડળો - મહિલા મંડળો ધ્વારા થતી પ્રવૃતીઓની જાણ પત્રિકાના માધ્યમથી ઘર ઘર સુધી થાય છે. આ ઉપરાંત આપણુ

ઝાલાવાડ ફાંઉડેશન - ઝાલાવાડ બિઝનેશ ફોરમ અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવૃતીઓના સમાચાર પત્રિકાના માધ્યમથી દરેક પરિવાર સુધી પહોંચે તેજ આપણા સંઘની આ પત્રિકાનું સાચું મૂલ્યાંકન છે.

ઘણા વર્ષોથી વચ્ચેના થોડા વર્ષોને બાદ કરતા **સ્વ.શ્રી અનોપચંદભાઇ ખીમચંદ શાહ** પત્રિકાનું સફળ સંચાલન કરી રહ્યા હતા.વર્તમાનમાં આપણા સંઘના **મંત્રીશ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ** પત્રિકા સુંદર સંચાલન કરી રહ્યા છે.

આ પત્રિકાનો વર્ષ ૨૦૨૩/૨૪ નો અહેવાલ રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમ્યાન આપણે ૪૨૮ પેઇજનું પ્રકાશન થયુ છે જેમા ૧૨ માસ (એપ્રિલ-૨૦૨૩ થી માર્ચ – ૨૦૨૪) પ્રકાશિત કરેલ.

મુંબઇના બહુ ઓછા જૈન સમાજો છે કે જેમના મુખપત્રો આટલા લાંબા સમયથી પ્રકાશીત થતા હોય. આપણુ એ સદભાગ્ય છે કે આપણને વર્ષ ૧૯૮૯ થી આજ દિવસ સુધી લગભગ ૩૨ વર્ષથી આપણા **વડિલ મુરબ્બી સ્વ. શ્રી અનોપચંદભાઇ શાહ તંત્રીપદે** રહી અવિરત સેવાઓ આપેલ છે. ખરેખર આપણું આ મુખપત્ર સમાજ તથા સંઘ અને સમાજની વિવિધ સંસ્થાઓ વચ્ચે કડી બનીને ઉભુ છે. આપણા સમાજની સંસ્થાઓની સક્ષમતા અને મજબૂતાઇમાં પત્રીકાનો સહયોગ મહત્વનો રહ્યો છે. આજે સ્વ.શ્રી અનોપચંદભાઇની ઉણપ અને ખોટ પડી છે તે દેખાઇ આવે છે.

આપણી પત્રિકામાં દરેક પરા મંડળ - યુવા મંડળ - મહિલા મંડળને એક સરખો ન્યાય આપવામાં આવે છે. પત્રિકાએ હંમેશા સંઘની નિતિને અનુસરીનેજ કામ કર્યુ છે.

આપ સહુના સાથ સહકારથી પત્રિકાનું પ્રકાશન ચાલુ રાખી શક્યા તેનો આનંદ છે. સમાજના પરિવારોની વ્યાપારી જાહેરાત શ્રંધ્ધાજલી - વેવીશાળ યોગ્ય મુરતીયા - કન્યા વગેરેના પત્રીકા માટે પ્રતિસાદ મળેલ જેના માધ્યમથી પરિવારોને ઉપયોગી થઇ માહિતગાર કરી શક્યા છીએ.

આવક ત્થા ખર્ચને ધ્યાનમાં ન લેતા સમાજનો સંપર્કસેતુ જીવંત રાખવા એપ્રિલ - ૨૦૨૩ થી

માર્ચ – ૨૦૨૪ સુધી સમાજની પત્રિકા પ્રકાશીત કરવામાં આવેલ જે આજ દિવસ સુધી ચાલુ છે. હજી પણ કપરા સંજોગો – વિટંબણા વાળી પરિસ્થિતી ચાલુજ છે. પરંતુ અમને વિશ્વાસ છે કે આપ સહુ સાથ સહકારથી આ પ્રકાશન અવિરત ચાલુ રહેશે.

અમારે હજી પણ આ પત્રિકાને ઉચ્ચતમ શિખરે લઇ જવી છે. આ માટે સૌનો સાથ-સૌનો સહકાર જરૂરી છે. અમારે એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરવો છે. કે ૧૨ મહિને નિયમિત રીતે પત્રિકા સમયસર બહાર પાડવી - પત્રિકાને વાંચન પ્રિય બનાવવી - સૌને ન્યાય આપવો. એ માટે સખત પ્રયત્નશીલ રહેવું આ બધુ ઘણુજ કઠીન કાર્ય છે.

આ તકે **તંત્રીશ્રી મુકેશભાઇ**ની સેવાઓની નોંધ લેવામાં આવે છે. અહીંયા ખાસ ઉલ્લેખ કરીશ આપણા પત્રિકાનાં પૂર્વ સંપાદક અને વઢવાણ મિત્ર મંડળ પત્રિકાના તંત્રીશ્રી ઉપેન્દ્રભાઇ શાહનો તેમણે જરૂર જણાયે પત્રિકા બાબતમાં જરૂરી માર્ગદર્શન સાથે સલાહ દ્વારા પત્રિકાને સારો ઓપ આપવાના પ્રયાસમાં સાથે રહ્યા છે. તેમને કહેવાની શૈલી - પારદર્શીદાતા અને સ્પષ્ટ વકતા તરીકેના ગુણ સામેવાળાને આકર્ષિત કરે છે તેમનો હ્રદય પૂર્વક આભાર માનું છું.

આ અહેવાલ પૂરો કરતા પહેલા અમારે એટલુંજ કહેવુ છે કે પત્રિકા પ્રકાશીત કરવામાં ક્યારેક કોઇ ક્ષતી રહી ગઇ હોય કોઇને દુઃખ લાગ્યુ હોય તો સૌને મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ.

## શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ
## યાત્રિક ભવન – પાલીતાણા
## માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ
## લાલચંદ શાહ પરિવાર
## હ.: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ
## લીંબડી – ઘાટકોપર

સંવત ૨૦૨૩-૨૦૨૪ નુ વર્ષ દરમ્યાન જ્યારે આપણે યાત્રીકોનો અવિરત પ્રવાહ બીજા વર્ષોમાં અનુભવતા હતા તે પ્રવાહ જળવાઇ રહ્યો હતો.

પૂર્ણ વર્ષ દરમ્યાન આપણા યાત્રિક ભવનનાં પેકેજનાં મુખ્ય પ્રસંગો :

૧.આપણા યાત્રીકભવન અને જિનાલયની વર્ષગાઠ(મહાશુદી ૫)

૨.ફાગણ શુદી ૧૩ - છગાઉની યાત્રા

૩.વૈશાખ શુદી ૩ - વરસીતપના પારણા (અખાત્રીજ)

૪.અષાઢ શુધી ૧૪ – ચાતુમાર્સ

૫.શ્રાવણ વદી ૧૧ - પર્યુષણ

૬.આસો વદી ૧૩ - ધનતેરશ - દિવાળી (નવું વર્ષ)

ઉપરોક્ત દરેક પેકેજમાં આપણા યાત્રિક ભવનમાં આરાધકોએ સુંદર લાભ લઇ રોકાયેલા હતા.

ફકત એકજ પ્રસંગ આપણા જિનાલયની વર્ષગાઠ આપણે દર વર્ષની જેમ ખૂબ જ ઉમંગ થી ઉજવી શક્યા હતા. તેનો વિગતવાર અહેવાલ પત્રીકામાં આપ મેળવી ચુકયા છો.

વર્ષ દરમ્યાન જીનાલયની વર્ષગાઠ ઉજવણી વખતે આપણે યાત્રીકભવનની કાયમી નિભાવ ફંડમાં રૂા. ૨૧,૧૧૧/- ની યોજના માં સૌને જાણકારી આપી હતી તો તેમાં સુંદર પ્રતીસાદ મળેલ છે અને હજી પ્રવાહ ચાલુ છે.

આ વર્ષે આપના યાત્રિક ભવનમાં નવી લીફ્ટ કાર્યરત થઇ ગયેલ છે લીફ્ટના દાતા માતુશ્રી મંજુલાબેન ચીનુભાઇ શાહ (સમાજરત્નશ્રી ચિનુભાઇ) પરિવારે માતબર રકમનું દાન આપી લીધેલ છે. આ ઉપરાંત આપણા યાત્રિક ભવનમાં દરેક રૂમોને અધતન બનાવવા માટે દરેક રૂમોને રિનોવેટ કરવાનું નક્કી કરેલ અને તે પ્રમાણે આપણા શ્રી સંઘના ઉદારદિલ દાતાઓને ૧ રૂમના રૂા. ૪,૦૫,૦૦૦/- પ્રમાણે સહાયક દાતા તરીકે લેવાનું નક્કી કરેલ. એ જણાવતા હર્ષ થાય છે કે ઉદારદિલ દાતાઓના સહયોગથી ૨૫ દાતા મળેલ છે.

આ ઉપરાંત ભોજનશાળા તેમજ ઓફિસ રીનોવેશનના દાતા પણ મળી ગયેલ છે. ભોજનશાળામાં ટી.વી. સ્ક્રીનમા દરેક દાતાઓના ફોટા નામ સાથે સળંગ દેખાય તેવી ગોઠવણ કરેલ છે.હાલમાં આ બધું કાર્ય ખૂબ જ જોશથી ચાલી રહ્યુ છે જેમાં સંઘપ્રમુખશ્રી દિલિપભાઇ ના માર્ગદર્શન નીચે યાત્રિક ભવનની કમીટીનાં કન્વીનર શ્રી મહેન્દ્રભાઇ તેમજ મંત્રીશ્રી મુકેશભાઇ અવારનવાર યાત્રિક ભવનની મુલાકાત લે છે ખૂબ જ ટૂંક સમયમાં આ કાર્ય પરિપૂર્ણ થશે અને નવા રૂપરંગ સાથે અદ્યતન યાત્રિક ભવન તૈયાર થઇ જશે. જેમાં આ બધી સગવડ કાર્યરત થઇ ગયેલ છે

- નવ બ્લોક સંપૂર્ણ રિનોવેશન સાથે તૈયાર છે બાકીના બ્લોકનું કામ પૂર ઝડપે ચાલે છે બાકીના બ્લોકનું કામ પર્યુષણ પૂર્વે થઇ જશે.

- નવી લીફટ
- નવો સોલાર પ્લાન્ટ ૪૦ KW
- ૭૫૦ લીટર કેપેસીટી નવા બે હીટ પંપ ગરમ પાણી માટે બેસાવેલ છે

આગામી વિ.સં. ૨૦૮૦ના ચૈત્ર માસની શાશ્વતી નવપદજી ઓળીનો લાભ શ્રીમતી ભામિનીબેન દીલીપભાઈ ખીમચંદ શાહ પરિવારે લીધેલ છે.

શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિકભવન પાલીતાણા મધ્યે ચૈત્ર માસની શાશ્વતી નવપદજી આંયબીલ ઓળીના લાભાર્થી સમાજરત્ન શ્રી ચિનુંભાઈ હીંમતલાલ શાહ પરિવાર કુલ અરાધકો - ૧૧૭ સુખ શાતાપૂર્વક યાત્રાપ્રવાસ, શોભાયાત્રા પૂર્ણ કરી શાહી - પારણઅ કરાવવામાં આવેલ

આસો માસની શાશ્વતી નવપદજી આંયબીલ ઓળીના લાભાર્થી માતુશ્રી કમળાબેન દિપચંદ શાહ પરિવાર (હ.શ્રીમતી રંજનબેન હર્ષદભાં શાહ પરિવાર) પરિવાર કુલ અરાધકો ૧૦૮ લાભ સુંદર તપ આરાધના ધર્મયાત્રા - શોભાયાત્રા શણગાર

વર્ષ દરમ્યાન આપણાં સંઘે તથા આપણી વિવિધ સંસ્થા ઓ એ સમાજ માટે ઘણી પ્રવૃતીઓ કરી છે અને હજી ચાલુ પણ છે. આ વર્ષે પ્રવૃતીઓની ખૂબ-ખૂબ અનુમોદના કરીને સૌને અમારા જય જીનેન્દ્ર.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટ - મુંબઈ**

## શ્રી જિનપ્રસાદ (યાત્રિક ભવન – પાલીતાણા)

## હ: એક સદ્‌ગ્રહસ્થ પરિવાર

આપણા યાત્રિક ભવનના શ્રી જિનપ્રસાદમાં આવતા યાત્રિકો અને અન્ય આજુ-બાજુની ધર્મશાળામાં રોકાયેલ યાત્રાળુઓ સેવા પૂજા દર્શનનો ખાસ લાભ લે છે. શ્રી જિનપ્રસાદમાં બાર માસ (કારતક થી આસો) સુધી કેશર - સુખડ - બરાશ - દિપકના માસિક ધોરણે નકરાથી સમાજના અગ્રગણીઓ, શ્રેષ્ઠીઓ અણે દાતાઓ લાભ લે છે. તે માટે સમાજના દાતાઓની ભૂરી-ભૂરી અનુમોદના. આ વર્ષ શુધ્ધ ચાંદીના ૧૪ સ્વપ્ના ખૂબજ સુંદર અને કલાત્મક બનાવવામાં આવેલ અને પર્યુષણ મહાપર્વમાં ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ના અને ઘોડીયા પારણાનો પ્રસંગ - ચાતુર્માસ અને પર્યુષણ કરવા પધારેલ આરાધકો ભક્તિભાવ થી ઉજવણી કરી જોડાયા હતા. આ આયોજન પ્રથમ વખત હોવાથી ઉત્સાહ અને ઉમંગથી દરેક આરાધકોએ લાભ લીધેલ હતો.

આ સાથે નુતન વર્ષના કારતક સુદ - એકમ પ્રથમ દિવસે દ્વાર શ્રી જિનાલય ઉદ્‌ઘાટન પ્રણાલીકા કરવામાં આવેલ. જેનો લાભ ઉછામણીમાં આ વર્ષે **શ્રીમતી ઈલાબેન જયેન્દ્રભાઈ હરીલાલ શાહ પરિવારે** લીધેલ હતો.

આપણા જિનાલયના ધ્વજારોહણના પાંચ વર્ષના **લાભાર્થી શ્રીમતી ચંદનબેન અરવિંદ કાંતીલાલ શાહ હ.: શ્રીમતી ડિંપલ કેતનભાઈ શાહ (ધોલેરાબંદર - બોરીવલી) પરિવાર**ની આ પાંચમા છેલ્લા વર્ષની ધ્વજારોહણ ખૂબજ ધામધૂમ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવામાં આવેલ. શ્રી સંઘના તપશ્ચર્યા બહુમાન કાર્યક્રમ તા.૧-૧૦-૨૦૨૪ ના રોજ યોજેલ જેમાં ટ્રસ્ટીશ્રીઓએ થોડાક ફેરફાર કરી ધ્વજારોહણનો ત્રણ વર્ષ માટે ઉછામણી કરી આદેશ આપવો જે અગાઉ પાંચ વર્ષ માટે હતો.

આ દિવસે ઉછામણી બોલાતા **શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ (મૂળી-ગોરેગાંવ, મુંબઈ)** આદેશ મળેલ હતો. આ પરિવારનું બહુમાન કરી તાળીઓના ગડગડાટથી વધાવી ભૂરી-ભૂરી અનુમોદના કરી હતી.

વર્ષ દરમ્યાન મોટા ધાર્મીક દિવસોમાં સુવર્ણની હીરાજડીત આંગી ચડાવવામાં આવે છે. જેના યાત્રિકો - આરાધકો સુંદર આંગીના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

શ્રી જિનાલયના વહીવટી દેખરેખમાં ટ્રસ્ટીશ્રીઓ સંચાલન કરે છે. વિશેષરૂપે શ્રી અરવિંદભાઈ કે. શાહ અને શ્રી દિલીપભાઈ કે. શાહ વારંવાર પાલીતાણાની મુલાકાત લે છે.

ધ્વજારોહણ દરમ્યાન જીવદયાની ટીપ કરી ફંડ કરવામાં આવે છે. જે એકત્રીત થયેલ ફંડ ઝાલાવાડના શહેર અને ગામની ૨૨ પાંજરાપોળમાં રકમ ફાળવી જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરવામાં આવે છે.

## પરામંડળો – મહિલા મંડળો યુવા મંડળો.......

શ્રી સંઘના પરાં વિસ્તારના ઘાટકોપર / સાયન-માટુંગા– વડાલા-દાદર / મલાડ /કાંદિવલી / બોરીવલી - દહીંસર / મીરારોડ / ભાયંદર / તથા વસઈ યુવા મંડળો કાર્યરત છે તેમજ ઉપનગરનાં મંડળો અને મહિલા મંડળો કાર્યરત છે. મંડળો એકબીજાના સહકાર સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહયાં છે. હાલ સંઘના નેજા હેઠળ ૧૨ મંડળો, ૧૬ મહિલા મંડળો તથા ૮ યુવા મંડળો કાર્યરત છે. જે સંઘના દરેક કાર્યોમાં યોગ્ય સાથ-સહકાર આપી રહયાં છે.

વર્ષ દરમ્યાન દરેક ટ્રસ્ટીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, તથા પદાધિકારીઓ **પ્રમુખશ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, IPPશ્રી અરવીંદભાઈ કાંતીલાલ શાહ, ઉપ-પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ તથા ઉપપ્રમુખશ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ, ખજાનચી શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ, સહખજાનચી શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ,પી.આર.ઓ.શ્રી દિપકભાઈ ગાંધી તથા દિલેર દાતાશ્રીઓ** વગેરેના ખૂબ જ સાથ સહકાર મળેલ છે. સહુના આત્મીય સાથ સહકારથી શ્રી સંઘની પ્રવૃત્તિઓ થઈ રહી છે. આપ સર્વેનો અતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ. ઉપરોક્ત દરેક વિભાગના કન્વીનરો, વ્યવસ્થાપકો વગેરેનો સુંદર-શ્રેષ્ઠતમ સાથ-સહકાર-સહયોગ મળેલ છે.

વર્ષ દરમ્યાન કોઈના પ્રત્યે અવિવેક, અવિનય થયો હોય, કોઈના દિલને ઠેંસ પહોંચી હોય તો સૌની ક્ષમા માંગીએ છીએ. મિચ્છામિ દુક્કડમ્ સંઘને ઉચ્ચતમ પ્રગતિના પંથે લઈ જવા આપણે સાથે મળી વિવિધ કાર્યો કરતા રહીએ અને પ્રગતિના સોપાનો સર કરીએ એજ અભ્યર્થના, અભિલાષા.

**લી.**

**મુકેશ યુ. શાહ - પિયુષભાઈ કે. શાહ**

**ભરતભાઈ એન. કુવાડીયા**

**માનદ્ મંત્રીઓ**

**મીતેશ એસ. શાહ - સહમંત્રી**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - અંધેરી

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ અંધેરીના વાર્ષિક દિન નિમિત્તે પંચકલ્યાણક પૂજા તા.૨૭-૪-૨૦૨૪ને ચૈત્ર વદી ૪ના રાખેલ સવારના ૧૦ કલાકે અંધેરી પૂર્વ, જુના નાગરદાસ રોડ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં રાખેલ. તે દિવસે ભેગા થઈ સ્નાત્ર પૂજા ભણાવશું એમ નક્કી કરેલ. પણ કુદરતનું કરવું એવું બન્યું કે સ્વ. જમનાદાસભાઈ રતીલાલ શાહની સ્વર્ગ રોહણ તિથી ૨૦ વર્ષે તારીખ અને તિથી એજ આવતી હોવાથી શ્રીમતી ગિરીકાબેન નિતીનભાઈ શાહ અને શ્રીમતી સુરેખાબેન પરેશભાઈ શાહને ઈચ્છા થઈ કે સસરાજીની પુણ્યતિથી નિમિત્તે જ પૂજા ભણાવીએ અને મંડળનો જમણવાર છે તેનો પણ આદેશ લઈએ અને કમીટીને જણાવતા અને પ્રબળ ઈચ્છાને કારણે આ આદેશ એમને અપાયો જેથી કરીને વાર્ષિક દિવસનો સંપૂર્ણ આદેશ તેમને આપ્યો અને આનંદભેર પૂજા ભણાવા બહેનો જોડાયા. જેમાં રાગરાગીણી સાથે રાસ-ગરબા ઉત્સવની રમઝટ બોલાવાઈ અને પ્રભુ ભક્તિમાં સહુ કોઈ નાચી ઉઠ્યા હતા. પૂજા અંતે શાંતિકળશનો લાભ તેઓને આપ્યો હતો અને આરતી અને મંગળ દિવાની બોલી બોલેલ જેનો લાભ લીધેલ તે આ પ્રમાણે આરતી - શ્રીમતી રીટાબેન નરેન્દ્રભાઈ, મંગળ દિવો - શ્રીમતી અલ્પાબેન મિતેશભાઈ ડેઢીયા. સંપૂર્ણ આદેશ લેનાર બન્ને દેરાણી - જેઠાણી શ્રીમતી ગિરીકાબેન અને શ્રીમતી સુરેખાબેન બન્નેનું બહુમાન મંડળ તરફથી પાંચ-પાંચ ગ્રામની ચાંદીની ગીની, શ્રીફળ અને મોતીની હારથી કરેલ.

વાર્ષિક દિવસની ઉજવણી સમયે ભેટની સરવણી વહી ગઈ અને મોબાઈલના માધ્યમ દ્વારા અપીલ કરેલ અને નીચે મુજબની ભેટ મળેલ છે. ભેટ આપનાર દરેક દિલદાર બહેનોને અમો સર્વે દિલથી આભાર માનીએ છીએ. આ વાર્ષિક દિવસ નિમિત્તે સુકૃત્ય કરવાની ભાવના થવાથી પાલીતાણા શ્રી આદીનાથ રત્નત્રય આરાધના ધામમાં પ્રભુજીની એક માસની ભક્તિ સ્વરૂપે રૂા.૫૦૦૦/- દેરાસર નિભાવ ફંડમાં લખાવ્યા છે. રૂા.૫૦૦૦/- ઝાલાવાડ દ્વારા આયોજિત સાધારણ ભક્તિમાં આપેલ છે જેની નોંધ લેશોજી.

રૂા.૧૦૦૦/- (દરેકના) - કેતકીબેન ગાંધી, કોમીલાબેન, ભારતીબેન પરીખ, કલ્પીતાબેન અજમેરા, અમીષા બગડીયા, મીના શાહ, ભાવનાબેન દેસાઈ, હેમાબેન ગાંધી, ગીતાબેન વોરા, રૂપાબેન એચ. શાહ, જયશ્રીબેન જે. શાહ, શૈલાબેન ગાંધી, રૂપાબેન પી. બગડીયા, જ્યોતિબેન બી. શાહ, અલ્કાબેન પી. ગાંધી, પલ્લવીબેન અજમેરા.

રૂા.૫૦૦/- (દરેકના) પારૂલબેન વોરા, હંસાબેન શાહ, નીલાબેન બી. શાહ, મીનાબેન જે. શાહ, નીલાબેન એમ. શાહ, ચિત્રાબેન ગાંધી, રીટાબેન બી. શાહ, રીના વોરા, નીલાબેન એ. મહેતા, રીટાબેન એન. મેહતા, પુષ્પાબેન બી. શાહ, બીનાબેન એમ. ગાંધી, અંજના એ. શાહ, નીતાબેન કામદાર, વંદનાબેન કામદાર, સોનલ એસ. કોઠારી, અમીષા એ. કોઠારી, દક્ષાબેન એમ. કોઠારી, દક્ષાબેન એમ. શાહ, જયશ્રીબેન બી. શાહ, ફાલ્ગુનીબેન પી. શાહ, મધુબેન એન. શાહ, શર્મીલાબેન કામદાર, શિલ્પી એન. સલોત, કલ્પનાબેન ધ્રુવ, શિલ્પાબેન શાહ, કેતનાબેન દેસાઈ, તરૂણાબેન આર. શાહ, ભારતીબેન કપાસી, નયનાબેન પી. શાહ, અલ્કાબેન કે. મહેતા, ઈલાબેન દેસાઈ, પીન્કીબેન ડી. શાહ, મીનાબેન મહેતા, નીતાબેન બી. શાહ, ફાલ્ગુની એ. શાહ, મંજુલાબેન ડગલી, રક્ષાબેન ડગલી, ચારૂબેન ડગલી, મીનાબેન ડગલી, પારૂલબેન ડી. શાહ, હંસાબેન પી. શાહ, હંસાબેન જે. શાહ, રસીલાબેન આર. શાહ, અરૂણાબેન એન. શાહ, શિલ્પાબેન પી. શાહ, વર્ષાબેન એ. પારેખ, દર્શનાબેન પી. પારેખ, દર્શનાબેન, રેખાબેન આર. શાહ, દિપાલીબેન વોરા, રૂપાબેન કે. શાહ, વિણાબેન કોઠારી, જસવંતીબેન, છાયાબેન બગડીયા, રેખાબેન ડી. શાહ, સરોજબેન ડી. શાહ, મંદાબેન જે. રાજપરિયા, સોનલ એ. શાહ, જયાબેન આર. શાહ, નિર્મળાબેન આર. શાહ, હિરલ એ. શાહ, પારૂષીબેન એન. શાહ, રૂપાબેન એ. શાહ, રસીલાબેન આર. શાહ.

સર્વે દાતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - થાણા

શ્રી ઝાલાવાડી મહિલા મંડળ થાણા તરફથી સસ્તા દરે લોંગ નોટબુકનું વિતરણ રાખેલ હતું, ખુબજ સરસ પ્રતિસાદ મળ્યો. બાલિકાઓના અનાથ આશ્રમમાં પણ વિતરણ કરેલ.

ઉપરોક્ત મહિલા મંડળની સ્થાપના ત્રણ માસ પહેલા કરવામાં આવેલ છે. કદાચ પ્રથમ મહિલા મંડળ છે જેના બધાજ

સભ્યો ૫૦ વર્ષથી નીચેની ઉંમરના છે. મહિલા સશક્તીકરણના યુગમાં યુવા મહિલા સભ્યો નવા વિચારો સાથે નવી પ્રવૃત્તી કરવી ફક્ત ધાર્મીક કાર્યક્રમો ન કરવા પરંતુ સમાજના પરિવારોના બાળકો સાથે બાલિકાઓના અનાથ આશ્રમમાં પણ આપી આ ઉમદા વિચારો - અને ભાવના કાર્યોની શરૂઆત કરેલ છે. ૫૦ વર્ષથી મોટી ઉંમરના બહેનોને સલાહકાર સભ્ય તરીકે સેવા આપે છે. હોદ્દા લીધા વગર.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ - વસઈ

ઉપરોક્ત મંડળ દ્વારા તા.૧૨-૫-૨૦૨૪ના દિવસે એક દિવસીય શાહપુર યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વસઈમાં વસતા ૫૦ સભ્યોએ ભાગ લીધેલ હતો.

વસઈ થી સવારે ૬ વાગે બસ દ્વારા પ્રવાસ ચાલુ થયો. સહુ હોંશપૂર્વક બસમાં ગોઠવાઈ ગયા હતા. અને નવકાર ધુનમાં તલ્લીન થઈને ૯.૩૦ વાગે શાહપુર પહોંચ્યા.

શાહપુર પહોંચીને સૌપ્રથમ નવકારશી કરીને સહુ સેવા પુજા દર્શન કરવા પહોંચી ગયા. મંડળ દ્વારા સ્નાત્ર પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌએ સ્નાત્રપુજાનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ બપોરે ભોજન બાદ સૌ એ.સી. હોલ અને રૂમમાં થોડીવાર આરામ કરીને પાછા હોલમાં ભેગા થયા. જ્યાં સૌપ્રથમ દાતશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું જેમના લીધે આ પ્રોગ્રામને સફળતા મળી હતી.

ત્યારબાદ લકી ડ્રો કરવામાં આવ્યો અને અવનવી ધાર્મિક ગેમ્સ રમાડવામાં આવી અને ઈનામ આપવામાં આવ્યા. જેમાં સૌને ખૂબજ આનંદ આવ્યો. અને લોકોએ ખૂબ મજા માણી. ત્યારબાદ બધા સાંજે ચોવિહાર કરવા ગયા. ચોવિહાર કરીને પાછા બધા હોલમાં પાછા ભેગા થયા અને દરેક સભ્યોએ આ યાત્રા પ્રવાસનો અભિપ્રાય આપ્યો. જે સાંભળીને યુવા મંડળના કમીટી મેમ્બર્સનો ઉત્સાહ ખૂબ વધી ગયો. દરેક સભ્યોનું કહેવું હતું કે આ પ્રોગ્રામનું ખૂબ જ સુંદર આયોજન કર્યુ હતું. વસઈ મંડળના કમીટી સભ્યો અને દરેક સભ્યે આ સુંદર પ્રવાસ બદલ કમીટી મેમ્બર્સનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આવા સુંદર પ્રોગ્રામ કરતા રહેવાનો આગ્રહ કર્યો હતો.

દરેકના અભિપ્રાય લઈને બધા પાછા દેરાસર પહોંચી ગયા પ્રભુજીની આરતી મંગળ દીવોનો લ્હાવો લઈને દરેક જાણ પાછા બસમાં ગોઠવાઈ ગયા. બસમાં દરેકનું સંઘપૂજન કરવામાં આવ્યું. બસમાં પણ અલગ અલગ ગેમ્સ રમતા રમતા ક્યારે વસઈ પહોંચ્યા તેની કોઈને ખબર પણ ના પડી અને આ સુંદર પ્રવાસનો અંત આવ્યો.

આ પ્રોગ્રામમાં દાતાશ્રીઓની નામાવલી નીચે મુજબ છે. સંઘપતિ : શ્રી નિમેષભાઈ કામદાર - કાંદીવલી, સંઘપતી સામાન્ય દાતા - શ્રી જીગ્નેસ હસમુખ શેઠ, શ્રી અશોકભાઈ શાહ, શ્રી કેનીલ અને જૈનમ, જમણવારના દાતા : શ્રી શિરીષભાઈ શાહ, નવકારશીના દાતા : શ્રી વસંતભાઈ વોરા, શ્રી ધરણેન્દ્રભાઈ વોરા, ચોવિહારના દાતા : શ્રી ગિરિશકુમાર કાંતીલાલ ગાંધી, સંઘપૂજન અને બહુમાનના દાતા : શ્રીમતી દિપાબેન તેજસભાઈ શાહ, કુ.ભક્તિબેન પ્રકાશભાઈ વરાળીયા, દાદાનો થાળ : શ્રીમતી ધનલક્ષ્મીબેન હસમુખભાઈ કોઠારી, ઈનામના દાતા : શ્રી જીનીત હીતેશ બગડીયા, અન્ય સહયોગી દાતા : શ્રીમતી અલકાબેન સલોત, શ્રી નેમીષ શાહ, શ્રીમતી નયનાબેન વી. કપાસી, શ્રી પ્રકાશભાઈ વરાળીયા ફરી મળવાના આનંદ સાથે સ્વગૃહ તરફ પ્રયાણ કરેલ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ - કાંદિવલી

